GREENLAWNS

LUCE MAGISTRA

# Greenlawns High School

Gujarati Language II Worksheet Marks: 80

**For the Final Paper Year 2025-26**

**Date:-** 27/2/26

**STD 5- B**

વિભાગ – અ

પ્રશ્ન 1) નીચે આપેલા વિષયમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. **(10Marks)**

1) મારો પ્રિય તહેવાર 2) મારો મિત્ર 3) કૂતરો એક વફાદાર

**(7Marks)**

પ્રશ્ન 2) તમે મામાને ત્યાં ઉતરાણ નો તહેવાર કેવીરીતે ઉજવ્યો તે જણાવતો પત્ર તમારા મમ્મી પપ્પાને લખો.

અથવા (OR)

પ્રશ્ન 2) તમારા મિત્રની બહેન 12માં ધોરણમાં ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થઈ છે, તેને શુભેચ્છાઆપતો પત્ર લખો.

પ્રશ્ન 3) નીચે આપેલો ગધ્યખંડ વાંચી તેની નીચે આપેલા સવાલના જવાબ લખો.

મિથિલા નગરમાં સુબોધ નામે એક રાજા રાજ્ય કરતા હતા. તેને બુદ્ધિશાળી અને શાણો પ્રધાન હતો. તે રાજવહીવટ કુશળતાથી ચલાવતો હતો.રાજાને પોતાના પ્રધાન પર પૂરો ભરોસો હતો માટે તે નિશ્ચિત હતો. તેને કોઈ પણ પ્રકારનું કાર્ય કરવાનું ન રહેતું માટે તે એશઆરામવાળી જિંદગી જીવવા માંડ્યો. “આળસ એ જીવતા માણસની કબર” એ પ્રમાણે તે દિવસ-રાત માત્ર આરામ જ કરતો.

કામ કરે તો ખાધેલું પચે, થાક લાગે અને ઊંઘ આવે. એટલે રાજાને ઊંઘઆવતી ન હતી. ઊંઘન આવવાને કારણે તેને લાગ્યુંકે મને કોઈ બીમારી અવશ્ય છે. રાજાની ચિંતા વધતી ગઈ ઊંઘની દવા માટે અનેક વેદોને બોલાવ્યા,પરંતુ એમાના એક પણ વેદની દવા તેને લાગુ ન પડી.

એક દિવસ વિદેશથી એક વૈદ આવ્યા. વૈદે રાજાની વાત ખૂબ ધ્યાનથી સાંભળી. રાજાની એશઆરામવાળી જિંદગી વિશે પણ જાણ્યું.રાજાની વાત પરથી તેને એક ઉપાય મળી ગયો. વેદે રાજાને બેટ બોલ આપ્યા અને દવાની ગોળી આપી.તેણે રાજાને રોજ સવાર –સાંજ જાદુઇ બેટ બોલથી એક-એક કલાક રમવાની સલાહ આપી

વેદની સલાહ મુજબ રાજા સુબોધ સવાર-સાંજ બેટ બોલથી રમવા લાગ્યો અને દવાની ગોળી નિયમિયત લેવા લાગ્યો.એક અઠવાડિયામાં ઊંઘ ન આવવાની ફરિયાદ જતી રહી,રાજાએ વૈદને બોલાવ્યો અને તેને ઈનામ આપ્યું

વૈદે રાજાને સાચી વાત સમજાવી. “દવાની ગોળી તો માત્ર આશ્વાસન છે. તમે સવાર-સાંજ એક-એક કલાક જે બોલબેટ થી રમો છો તેથી શ્રમ થાય છે.; શરીરને થાક લાગે છે. તેથી જ ઊંઘ આવે છે.”

PTO

નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો

સ-1) રજાનો પ્રધાન કેવો હતો ? (2Marks)

સ-2) રાજા આખો દિવસ શું કરતા હતા? (2Marks)

સ-3) રાજાને ઊંઘ કેમ નહોતી આવતી? આપણાં શરીર ને સુવા માટે શેની જરૂર પડે છે? (2Marks)

સ-4) રાજાને કઈ બીમારી લાગી હતી? વૈદે રાજાને શી શલાહ આપી? (2Marks)

સ-5) વૈદે રાજાને શું સમજાવ્યું? (2Marks)

સ-6) આ વાર્તા પરથી આપણને શું શીખવા(બોધ)મળે છે? વાર્તાને યોગ્ય શીર્ષક આપો? (2Marks)

**પ્રશ્ન 4)** નીચે આપેલા પ્રશ્નો ના ઉત્તર સૂચના પ્રમાણે લખો

**પ્રશ્ન 4A)** રૂઢિપ્રયોગનો અર્થ લખો (2Marks)

1) તાલ જમાવવો 2) સદાય તત્પર રહેવું

**પ્રશ્ન 4B)** નીચે આપેલા વાક્યોમાં સર્વનામ ઓળખો. (2Marks)

1) તે બહુજ કંજૂસ માણસ છે. 2) દીકરા તારું ભલું થાય 3) ભાઈઓ અને બહેનો મારી વાત સાંભળો 4) આપ એક ગીત ગાશો?

**પ્રશ્ન 4C)** નીચે આપેલા શબ્દોની લિંગ બદલો (3Marks)

1) શેઠ 2) પૌત્ર 3) ચકલી 4) બકરી 5) માળી 6) કાકા

**પ્રશ્ન 4D)** નીચે આપેલા શબ્દોના વચન બદલો (3Marks)

1) તારા 2) દેવી 3) બંગડી 4) પંખો 5) ચોપડી 6) વૃક્ષ

**પ્રશ્ન 4E)** નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (3Marks)

1)પથ્થરમાં કોતરેલા લેખો

2)મફતમાં પાણી અપાતું હોય તે જગ્યા

3)પગથી માથા સુધી

## વિભાગ - બ

પ્રશ્ન 1) નીચે આપેલા શબ્દના સમાનર્થી(અર્થ )લખો. (3Marks)

1) ઉતાવળો 2) ભયાનક 3) પર્વ

પ્રશ્ન 2) નીચે આપેલા શબ્દોના વિરોધી લખો (3Marks)

1) અગવડ 2) તવંગર 3) હાજર

પ્રશ્ન 3) નીચે આપેલા શબ્દોની ભૂલ સુધારી ફરી લખો (3Marks)

1) સૂગધ 2) પતગીયા 3)મસકરી

પ્રશ્ન 4) નીચે આપેલા શબ્દો પરથી વાક્યો બનાવો (3Marks)

1) વિવેક 2) કેસૂડો 3) ગુજરાન

પ્રશ્ન 5) નીચે આપેલા પ્રશ્નોના એક શબ્દો માં જવાબ લખો (6Marks)

1) ધૂળો કયા ગામમાં રહેતો હતો?
2) ફૂલોને પ્રેમ કરતાં શ્યામ કોની પાસેથી શીખ્યો?
3) વસંતઋતુ કોને ખૂબ ગમે છે?
4) વેલીને હોસ્પિટલમાંથી ક્યાં લઈ ગયા?
5) ‘શ્યામચી આઈ’ નું ગુજરાતી અનુવાદ કોણે કર્યું?
6) વેલી અને શેલી કયા શહેરમાં રહેતા હતા?

પ્રશ્ન 6) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યોમાં જવાબ આપો

1) સજ્જન શું જોઈને ખુશ થયા? (1Marks)

2) શ્યામ કયાં કયાં ફૂલોની કળીઓ તોડી લાવ્યો હતો? (1Marks)

3) ‘બાર જણા’ આ કવિતામાં સાચા સાથી કોને કહ્યા છે? (1Marks)

4) બંને ભાઈઓ શું શું વેચતા હતા? (2Marks)

PTO

પ્રશ્ન 7) નીચે આપેલા પ્રશ્નોના 2 કે 3 વાક્યો માં જવાબ આપો (6Marks)

1) ધૂળાના  દિલમાં શાથી ઉચાટ થયો?

2) શ્યામની માતાએ શ્યામને શું સમજાવ્યું?

3) લૂંટારુઓ શાથી ભાગી ગયા?

પ્રશ્ન 8) પૂરા વાકયોમાં જવાબ લખો (Answer the following in detail) (6Marks)

1) 'શ્યામની માં' પાઠ દ્વારા શું શીખ્યા વિસ્તારથી સમજાવો?

2)વસંત ઋતુનું વર્ણન તમારા શબ્દોમાં કરો?

પ્રશ્ન 9) નીચે આપેલી કાવ્ય પંક્તિ પૂર્ણ કરો (5Marks)

મહેકતી મંજરી ને કૂણા અંકુર,

--------------------------------

--------------------------------

--------------------------------

લાવી વસંત ભાઈ, લાવી વસંત

--------------------------------

--------------------------------

--------------------------------

ભમી વસંતભાઇ,ભમી વસંત ,

--------------------------------

**BEST OF LUCK**